# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Re-Accredited Grade B by NAAC
( CGPA 2.93 )

સંદર્ભ :–આ કાર્યાલયના પરિપત્ર ક્રમાંક નં.એકે/બીએસ/ CBCS/ ૫૩૫/૨૦૧૦,
તા.૧–૬–૨૦૧૦ અન્વયે

પરિપત્ર :–

વિશ્વ વિદ્યાલય અનુદાન પંચ ( યુજીસી) ધ્વારા દેશભરમાં નિર્દેશીત અને સુચિત કરાયેલ તેમજ રાજય સરકારશ્રીના શિક્ષણ વિભાગ તથા રાજયની પ્રત્યેક યુનિવર્સિટીઓના માન.કુલપતિશ્રીઓ વચ્ચે યોજાયેલી વખતોવખતની બેઠકો તેમજ રાજયના ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી ધ્વારા પણ સુચવાયેલ ચોઈસ બેઈઝ ક્રેડીટ સિસ્ટમ( CBCS ) ( સેમેસ્ટર સિસ્ટમ સાથે ) રાજયની યુનિવર્સિટીઓમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ અમલ કરવા અર્થે નિર્ણય લેવાયો છે. આ સંદર્ભે આંતર રાષ્ટ્રીય સ્તરે સ્વિકૃતી પ્રાપ્ત અને વિદ્યાર્થીઓ માટે અત્યંત હિતકારી એવી આ ચોઈસ બેઈઝ ક્રેડીટ સિસ્ટમ( CBCS ) અમલમાં લાવવાનું સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ અત્યંત મહત્વનો નિર્ણય લીધો છે.

ઉપરોકત સંદર્ભ અનુસંધાને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળની સર્વે કોલેજોના આચાર્યશ્રીઓને સવિનય જણાવવાનું કે, ચોઈસ બેઈઝ ક્રેડીટ સિસ્ટમ અંતર્ગત સેમેસ્ટર સિસ્ટમ મુજબના વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળના નીચે દર્શાવેલ વિષયોના અભ્યાસક્રમો યુનિવર્સિટી અધિકાર મંડળો ધ્વારા તૈયાર કરવામાં આવેલ છે જે અભ્યાસક્રમો,ઓર્ડિનન્સ/રેગ્યુલેશન/રૂલ્સ/સ્ટ્રકચર વગેરે વિજ્ઞાન વિદ્યાશાખાની તા.૮–૬–૨૦૧૦ અને એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટની તા.૧૧–૬–૨૦૧૦ ની સભાના ઠરાવ અનુસાર આગામી જુન–૨૦૧૦ થી અમલમાં આવે તે રીતે મંજુર કરેલ છે. તો તેથી જુન–૨૦૧૦ થી ક્રમશઃ અમલમાં આવે તે રીતે અમલવારી કરવા તથા સંબંધીત સર્વેના ધ્યાન પર લાવવા વિંનતી છે.

**–: વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળ CBCS અંતર્ગત તૈયાર કરવામાં આવેલ સેમેસ્ટર પધ્ધતિ મુજબના યુ.જી.અભ્યાસક્રમો :–**

| ક્રમ | અભ્યાસ સમિતિનું નામ | અભ્યાસક્રમ નો વિષય<br>પ્રથમ વર્ષ ( સેમે.૧ અને ૨) |
|---|---|---|
| ૧. | ભૌતિકશાસ્ત્ર | બી.એસસી.( ભૌતિકશાસ્ત્ર ),સેમે.૧ અને ૨ |
| ૨. | ઝુલોજી | બી.એસસી.( ઝુલોજી ),સેમે.૧ અને ૨ |
| ૩. | બોટની | બી.એસસી.( બોટની ),સેમે.૧ અને ૨ |
| ૪. | રસાયણશાસ્ત્ર | બી.એસસી.( રસાયણશાસ્ત્ર ),સેમે.૧ અને ૨<br>બી.એસસી.( ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી ),સેમે.૧ અને ૨ |
| ૫. | ગણિતશાસ્ત્ર | બી.એસસી.( ગણિતશાસ્ત્ર),સેમે.૧ અને ૨ |
| ૬. | માઈક્રોબાયોલોજી | બી.એસસી.( માઈક્રોબાયોલોજી ),સેમે.૧ અને ૨ |
| ૭. | કોમ્પ્યુટર સાયન્સ | 1. BCA ( Sem. 1 & 2 )<br>2. B.Sc. IT & CA ( Sem. 1 & 2 )<br>3. B.Sc. ( Computer Application) ( Sem. 1 & 2 )<br>4. PGDCA ( Sem. 1 & 2 ) |
| ૮. | બાયોકેમેસ્ટ્રી | બી.એસસી.( બાયોકેમેસ્ટ્રી),સેમે.૧ અને ૨ |
| ૯. | બાયો ટેકનોલોજી એડહોક બોર્ડ | બી.એસસી.( બાયો ટેકનોલોજી ),સેમે.૧ અને ૨ |

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Re-Accredited Grade B by NAAC
( CGPA 2. 93 )

<u>પ રિ પ ત્ર</u>-::

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન વિનયન/વાણિજ્ય/મેનેજમેન્ટ ( બી. બી. એ. ) વિદ્યાશાખા હેઠળની કોલેજોનાં આચાર્યશ્રીઓને સવિનય જણાવવાનું કે, જુન-૨૦૧૦ થી અમલમાં આવેલ **C. B. C. S.** (" ચોઈઝ બેઈઝ ક્રેડીટ સીસ્ટમ ") અંતર્ગત પ્રથમ સેમેસ્ટર ના પ્રશ્નપત્રનું માળખું તથા ગુણ વિભાજન નિયત કરાયેલ છે, જે આ સાથે પરિશિષ્ટ-૧ થી સામેલ છે તે મુજબ અમલ કરવાનો રહે છે, જેની જાણ આપની કોલેજનાં અધ્યાપક ગણ તથા વિદ્યાર્થીઓને કરશો.

પરીક્ષા નિયામક

નં. પરીક્ષા/૨/ ૧૨૮૩ /૨૦૧૦
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ
રાજકોટ-૩૬૦ ૦૦૫
તા. ૧૨ - ૦૮ - ૨૦૧૦

પ્રતિ,
(૧) ઉપરોકત વિદ્યાશાખા હેઠળની તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ તરફ.

<u>નકલ સાદર રવાના</u> :-

૧ માન. કુલપતિશ્રી / મા. કુલસચિવશ્રીના અંગત મદદનીશશ્રી
૨ એકેડેમીક ઓફીસરશ્રી
૩ ડૉ. કમલભાઈ મહેતા કો. ઓર્ડિનેટરશ્રી IQAC
૪. મુખ્ય હિશાબી અધિકારીશ્રી
૫ ઓડિટરશ્રી
૬ વિભાગીય અધિકારીશ્રી, પરીક્ષા વિભાગ-૧-૩-૪